ચરોતરમિત્र

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



૮ વર્ષની રાહ બાદ કામગીરીને વેગ | નવા ૮૪૮-કે નેશનલ હાઈ-વેનો ડીપીઆર કેન્દ્રીય મંત્રાલયમાં સુપરત

# આણંદથી શામળાજી સુધી ૧૬૦ કિમી હાઈવેનો સર્વે પૂર્ણ કરાયો

**૨૫થી વધુ ગામો-** શહેરોને ભારે ટ્રાફિક અને અકસ્માતોથી મુક્તિ મળશે



(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૩

આણંદ, ખેડા અને અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા સ્ટેટ હાઈ-વેને નેશનલ હાઈ-વેમાં ફેરવવાની વર્ષ ૨૦૧૭થી અટકેલી પ્રક્રિયામાં હવે મોટો વળાંક આવ્યો છે. ૧૬૦ કિલોમીટર લાંબા સૂચિત નેશનલ હાઈ-વે ૮૪૮-કે માટેનો વિગતવાર ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરીને કેન્દ્રીય સડક અને પરિવહન મંત્રાલયમાં સુપરત કરી દેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટથી જિલ્લાઓના વિકાસને નવો વેગ મળવાની સાથે અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો થવાની આશા સેવાઈ રહી છે.

આણંદ, ખેડા અને અરવલ્લી જિલ્લા માટે વર્ષ ૨૦૧૭માં સ્ટેટ હાઈ-વેને નેશનલ હાઈ-વેમાં તબદીલ કરવાની જાહેરાત બાદ ૨૭મી નવેમ્બર ૨૦૨૦ના રોજ કેન્દ્ર સરકારે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યું હતું. લગભગ આઠ વર્ષ સુધી કાગળ પર રહેલા આ પ્રોજેક્ટ માટે સપ્ટેમ્બર ૨૦૨૫માં કન્સલ્ટન્સી એજન્સી નક્કી કરાતાં કામગીરીએ ગતિ પકડી હતી.

આ કન્સલ્ટન્સી એજન્સીએ છેલ્લા એક વર્ષ દરમિયાન સમગ્ર ૧૬૦ કિમીના માર્ગ પર સ્થળ મુલાકાત અને ડ્રોન સર્વે હાથ ધર્યો હતો. જેમાં જમીન સંપાદન, ઓવરબ્રિજ, ફ્લાયઓવર, અંડરપાસ, બાયપાસ અને કુલ અંદાજિત ખર્ચ (પ્રોજેક્ટ કોસ્ટ) સહિતની તમામ વિગતો સાથેનો ડીપીઆર તૈયાર કરાયો છે.

આ માર્ગ પર આવેલા ૨૫થી વધુ ગામડાં અને શહેરોના લોકોને પરપ્રાંતિય ટ્રકો અને ટ્રેલરોના હેવી ટ્રાફિક તથા અકસ્માતોના બનાવોથી કાયમી રાહત મળશે. કેન્દ્રીય મંત્રાલય દ્વારા ડીપીઆરમાં સૂચિત ફેરફારો ફાઈનલ કરી બજેટની ફાળવણી કરવામાં આવ્યા બાદ ટૂંક સમયમાં ટેન્ડરિંગ પ્રક્રિયા હાથ ધરાવાની શક્યતા છે.

### ક્યાંથી પસાર થશે નવો નેશનલ હાઈવે 848-કે ?

નવો નેશનલ હાઈ-વે આણંદમાં નેશનલ હાઈ-વે ૪૮ના જંક્શનથી શરૂ થઈ નડિયાદ, મહુધા, કઠલાલ, કપડવંજ, બાયડ, ધનસુરા, મોડાસા થઈ આગળ શામળાજી પાસે ફરી નેશનલ હાઈ-વે ૪૮ને જોડશે.

‘તું મને ગમતી નથી, નોકરી કરવી પડશે’ કહી ઘરમાંથી કાઢી મૂકી

# વાસદની પરિણીતાને વિદેશમાં પતિએ અમાનુષી ત્રાસ આપ્યો

**સીઝેરિયન ડિલિવરી** છતાં નોકરી કરવા દબાણ કરી દહેજ માંગ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

વાસદની હરિકૃષ્ણ સોસાયટીમાં પિયરમાં રહેતી ૨૫ વર્ષીય યુવતીને લંડનસ્થિત પતિ તથા સાસરિયાઓ દ્વારા શારીરિક-માનસિક ત્રાસ આપી દહેજની માગણી કરાઈ હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. સીઝેરિયન ડિલિવરી થઈ હોવા છતાં નોકરી કરવા દબાણ કરવા તેમજ પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાનું બહાર આવતાં પરિણીતાને ઘરમાંથી કાઢી મૂકવામાં આવી હતી. આ મામલે પીડિત પરિણીતાએ આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી.

વાસદની હરિકૃષ્ણ સોસાયટી ખાતે પિયરમાં રહેતી ૨૫ વર્ષીય મહેશ્વરીબેન ચાવડાના લગ્ન વર્ષ ૨૦૨૦માં સામાજિક રીતિ-રિવાજ મુજબ થયા હતા. લગ્નના થોડા સમય બાદ પતિ ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધવલ સોઢા સ્ટુડન્ટ વિઝા પર લંડન ગયો હતો, જેના થોડા સમય બાદ મહેશ્વરીબેન પણ લંડન ગયાં હતાં. જોકે, લંડન ગયા બાદ મહેશ્વરીબેનની સીઝેરિયન ડિલિવરી થઈ હોવા છતાં, પતિ દ્વારા તેમની પાસે બળજબરીથી નોકરી કરાવવા માટે દબાણ કરવામાં આવતું હતું. બીજી તરફ, સાસુ કોકીલાબેન, સસરા હિંમતસિંહ તથા જેઠ-જેઠાણી દર મહિને ૪૫૦ પાઉન્ડની માગણી કરી પતિને ચઢવણી કરતાં હતાં.

દરમિયાન પતિને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધો હોવાની બાબત સામે આવતાં, પતિએ મહેશ્વરીબેન સાથે ઝઘડો કરીને ‘તું મને ગમતી નથી’ તેમ કહી ઘરમાંથી કાઢી મૂક્યાં હતાં. પરિણીતા ભારત પરત આવતાં સાસરીના મકાને તાળાં મારેલાં જોવા મળ્યાં હતાં.

આખરે બનાવ અંગે બંને પક્ષો વચ્ચે સમાધાનના તમામ પ્રયાસો નિષ્ફળ જતાં આખરે મહેશ્વરીબેને આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધવલ સોઢા, સાસુ કોકીલાબેન, સસરા હિંમતસિંહ તેમજ જેઠ-જેઠાણી વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ અને દહેજ માગણીની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# આણંદ: દુકાન પચાવી પાડવા બોગસ પેઢીનામું બનાવ્યું

**મૃતકના પ્રથમ પત્ની** અને સંતાનો સહિત ૯ સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

આણંદ પાલિકાની માલિકીની ભાડાપટ્ટે ચાલતી મિલકત વારસાઈમાં મેળવવા માટે બીજી પત્ની અને તેમના પુત્રનું નામ છુપાવી, બોગસ પેઢીનામું બનાવી મિલકત પોતાના નામે ટ્રાન્સફર કરાવી લેવાનું છેતરપિંડીનું કૌભાંડ સામે આવ્યું છે. આ અંગે આણંદ સ્ટેશન રોડ પર આવેલા રોશન પ્લાઝામાં રહેતા ફરહાનભાઈ ઉસ્માનગની મેમણે પોતાના પિતાની પ્રથમ પત્ની તથા તેમના સંતાનો સહિત કુલ ૯ શખ્સો સામે આણંદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આણંદ શહેરના રોશન પ્લાઝામાં રહેતા ફરહાનભાઈના પિતા ઉસ્માનભાઈ મેમણના અવસાન બાદ આણંદ નગરપાલિકાની માલિકીની ભાડાપટ્ટે ચાલતી દુકાનની વારસાઈ હકથી મેળવવા માટે કારસો રચવામાં આવ્યો હતો. પિતાની પ્રથમ પત્ની યાસ્મીનબેન તથા તેમના સંતાનોએ કાયદેસરના વારસદાર તરીકે ફરહાનભાઈ અને તેમના માતા રોશનબેનનું નામ છુપાવી દીધું હતું.

તેઓએ નોટરી સમક્ષ બોગસ પેઢીનામું રજૂ કર્યું હતું અને તેમાં પંચ તરીકે સાક્ષીઓની સહીઓ કરાવી હતી. બાદમાં આ ખોટું પેઢીનામું પાલિકાના ચીફ ઓફિસર સમક્ષ રજૂ કરીને દુકાન પોતાના નામે ટ્રાન્સફર કરાવી લીધી હતી. આ ગંભીર કૌભાંડ અંગે આણંદ ટાઉન પોલીસે યાસ્મીનબેન ઉસ્માનભાઈ મેમણ, સમીરાબાનુ, મંહમદઈફાન, મંહમદ જાવેદ, ઉઝમા, તસ્લીમ તેમજ પંચ તરીકે સહી કરનાર ઈમરાન હબીબ વહોરા, ઓયેશમહંમદ યાકુબ વહોરા અને તોકીફ નજીરભાઈ મન્સુરી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સરદાર પટેલ યુનિવર્સિટીનો યુવક મહોત્સવથી કેમ્પસ ગૂંજી ઊઠ્યું



સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત યુવક મહોત્સવ નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ સ્કીટ અને માઈમ દ્વારા વર્તમાન સામાજિક-રાજકીય સમસ્યાઓ પર કટાક્ષ રજૂ કર્યો, જ્યારે મિમિક્રી દ્વારા શ્રોતાઓને મનોરંજન પૂરું પાડ્યું હતું. રંગોળી, ક્લે મોડેલિંગ અને કાર્ટૂનિંગમાં યુવાનોએ પોતાની સર્જનાત્મકતા દાખવી, તેમજ ડિબેટ સ્પર્ધામાં સોશિયલ મીડિયા વિષય પર પક્ષ-વિપક્ષમાં વિચારો રજૂ કર્યા હતા. આ ઉપરાંત ક્વિઝ, ગ્રુપ સોંગ, વેસ્ટર્ન વોકલ અને ક્લાસિકલ ડાન્સ જેવી સ્પર્ધાઓમાં પણ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. **- જશવંતસિંહ રાઠોડ**

## ડભાણ નજીક હાઈવે પર અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ નીકળ્યો



નડિયાદ પાસેથી પસાર થતાં અમદાવાદ-વડોદરા હાઈવે પર ડભાણ નજીક એશિયન ફૂડ ઈન્ડસ્ટ્રી પાસે આણંદ તરફ જઈ રહેલા ટ્રકની પાછળ પૂરપાટ ઝડપે આવતી કાર ધડાકાભેર ઘૂસી ગઈ હતી. આ ભયાનક ટક્કરમાં કારનો આગળનો ભાગ કચડાઈને કચ્ચરઘાણ વળી ગયો હતો, તેમ છતાં કાર ચલાવી રહેલી મહિલાનો ચમત્કારિક બચાવ થયો હતો. આ અકસ્માત બાદ સ્થાનિક લોકોએ દોડી આવી ભારે જહેમત ઉઠાવી કારમાં ફસાયેલી મહિલાને સલામત રીતે બહાર કાઢી હતી. આ ઘટનાને પગલે હાઈવે પર ટ્રાફિક જામ થતાં પોલીસે ક્રેનની મદદથી કારને ખસેડીને વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

અમેરિકાથી પિતાની સારવાર માટે આવેલા પુત્ર પર લોહિયાળ હુમલા કેસનો ભેદ ઉકેલાયો

# સુરાશામળમાં લૂંટ માટે સ્થાનિકે ટીપ આપી અમદાવાદથી લૂંટારા બોલાવ્યા

**ઓળખ છતી થતાં** પિતા-પુત્ર પર છરાના ઘા ઝીંકાયા

**અમદાવાદ ગેંગના ૪** સાગરીતો જેલભેગા થયાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

નડિયાદ તાલુકાના સુરાશામળ ગામે ચકલાસી રોડ પર આવેલા એનઆરઆઈ પરિવારના મકાનમાં ગત ૧૯મી સપ્ટેમ્બરની મધરાતે ઘૂસેલી સશસ્ત્ર લૂંટારુ ટોળકીનો ખેડા એલસીબી પોલીસે પર્દાફાશ કર્યો છે. બિમાર પિતાની સારવાર અર્થે અમેરિકાથી વતન આવેલા એનઆરઆઈ પુત્ર અને પિતા પર જીવલેણ હુમલો કરનાર 4 સાગરીતોને પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યા છે, જ્યારે અમદાવાદ ગેંગના અન્ય ફરાર શખ્સોની સઘન શોધખોળ ચાલુ છે.

પોલીસ તપાસમાં ચોંકાવનારી એક્સક્લુઝીવ વિગત સામે આવી છે કે, એનઆરઆઈ પરિવારના મકાનની સંપૂર્ણ રેકી કરીને લૂંટની ટીપ સ્થાનિક શખ્સ કમલેશ તળપદાએ આપી હતી. આ ટીપના આધારે મુખ્ય સૂત્રધાર દીપકુમાર ઉર્ફે વિક્કી વણકરે અમદાવાદથી ભાડૂતી લૂંટારાઓને રિક્ષા મારફતે સુરાશામળ બોલાવ્યા હતા. જોકે, છેલ્લા ૩૫ વર્ષથી અમેરિકા સ્થાયી થયેલા



સંદીપકુમાર પટેલ તેમના પિતા જશભાઈના ઓપરેશન અર્થે ૧૦ દિવસ અગાઉ જ વતન આવ્યા હતા. ગત ૨૦મી સપ્ટેમ્બરની રાત્રે ૨ વાગ્યે પિતાના રૂમમાંથી અવાજ આવતા તેઓ દોડી ગયા હતા, જ્યાં લૂંટારાઓ વૃદ્ધ પિતાના મોઢા પર ઓશીકું દબાવી હત્યાનો પ્રયાસ કરી રહ્યા હતા. બૂમાબૂમ કરતા અને ઘરમાં લાઈટ ચાલુ હોવાથી હુમલાખોરોના મોઢા પરથી કપડું ખસી જતાં સંદીપકુમારે તેમને ઓળખી લીધા હતા. ઓળખ છતી થઈ જતાં આરોપીઓએ છરા જેવા તીક્ષ્ણ હથિયારથી સંદીપકુમારના માથા અને બરડા પર ઊંડા ઘા ઝીંકી લોહીલુહાણ કરી દીધા હતા.

ચકલાસી પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ એલસીબી ટીમે સીસીટીવી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે સલુણ મોટી કેનાલ પાસેથી ૪ આરોપીઓની ધરપકડ કરી છે. આ ગુનામાં અમદાવાદની ગેંગના રહેવાસી અજય તિવારી, નિલેશ ખલ્લાસ, મોહિત રાજવ્રત તેમજ અન્ય ૨ અજાણ્યા શખ્સો હજુ ફરાર છે, જેમને પકડવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સીસીટીવી પર પ્લાસ્ટિક ઢાંકી કસબ અજમાવ્યો

# કડાણામાં નિવૃત્ત શિક્ષકના ઘરમાં ૧૦.૭૨ લાખની ચોરી

**દંપતી વડોદરા ગયું** હતું તે દરમિયાન રોકડ તથા દાગીના ઉઠાવી ગયા

(પ્રતિનિધિ) કડાણા તા.૨૩

કડાણા તાલુકાના તલવાડા ગામના ખાંટ ફળિયામાં રહેતા ૬૭ વર્ષીય નિવૃત્ત શિક્ષકના મકાનની પડશાળમાં આવેલી ‘લક્ષ્મી જ્વેલર્સ’ નામની દુકાનને નિશાન બનાવી તસ્કરો ૧૦.૭૨ લાખથી વધુની મત્તા ચોરીને ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર, નિવૃત્ત શિક્ષક હાથીભાઈ માનાભાઈ ખાંટ પોતાના સાળાના પુત્રના મેડિકલ પ્રવેશ અર્થે પત્ની સાથે વડોદરા ગયા હતા અને રાત્રે પરત ફરી ઘરમાં સૂઈ ગયા હતા. સવારે અખબાર વિતરકે આવીને જાણ કરી હતી કે દુકાન બહારના સીસીટીવી કેમેરા પર લાલ રંગનું પ્લાસ્ટિક ઢાંકેલું છે.

આ અંગે તપાસ કરતા માલૂમ પડ્યું કે તસ્કરોએ અંદરના કેમેરા પર પણ સફેદ પ્લાસ્ટિક ઢાંકી, ડીવીઆરના વાયરો છૂટા પાડી દીધા હતા. બાદમાં લોખંડની જાળીવાળા દરવાજાનું તાળું તોડી દુકાનમાંથી ૩ લાખ રોકડા, ૧૨૭ ગ્રામ સોનાના દાગીના (કિંમત ૬.૪૬ લાખ), ૫૮૩ ગ્રામ ચાંદીની પાયલ (કિંમત ૧.૨૫ લાખ) અને વાઈફાઈ કેમેરો મળી કુલ ૧૦,૭૨,૮૫૫ની મત્તા ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ અંગે ડીટવાસ પોલીસે અજાણ્યા ચોરો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# એનડીડીબી દ્વારા સ્માર્ટ ટેકનોલોજી સાથે ચાર ખેડૂતલક્ષી પહેલ લોન્ચ

**સસ્તા ભેળસેળ** ચકાસણી કિટથી ડેરી ક્ષેત્ર પારદર્શક બનશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

આણંદ સહિત દેશભરમાં ડેરી સહકારી ક્ષેત્રને વધુ મજબૂત, કાર્યક્ષમ અને પારદર્શક બનાવવાના હેતુથી ભારત સરકારના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરીઉદ્યોગ તથા પંચાયતી રાજ કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ (લલ્લન સિંહ) દ્વારા આણંદ સ્થિત નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ ખાતેથી 4 મહત્વપૂર્ણ ખેડૂતલક્ષી નવીનતાઓનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ પહેલો દ્વારા દેશમાં ‘શ્વેત ક્રાંતિ 2.0’ને વેગ આપીને અસંગઠિત ડેરી ક્ષેત્રને સંગઠિત માળખામાં બદલવાનો સ્પષ્ટ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અને રાજ્ય કક્ષાના કેન્દ્રીય મંત્રી પ્રો. એસ. પી. સિંહ બઘેલની ઉપસ્થિતિમાં લોન્ચ કરવામાં આવેલી ચાર નવીનતાઓમાં ગ્રામીણ પશુપાલકોને સીધો લાભ આપતી આધુનિક ટેકનોલોજી પર ખાસ ભાર મૂકવામાં આવ્યો




છે. જેમાં સ્માર્ટ મોબાઈલ મિલ્ક કલેક્શન એન્ડ કૂલિંગ સિસ્ટમ: લિથિયમ-આયન બેટરી અને IoT મોનિટરિંગથી સજ્જ 300 લિટર ક્ષમતા ધરાવતી આ સિસ્ટમ ગ્રામીણ વિસ્તારોમાંથી સીધું દૂધ એકત્ર કરશે. એનડીડીબી દ્વારા ડિઝાઈન અને આઈડીએમસી લિમિટેડ દ્વારા ઉત્પાદિત આ સિસ્ટમ દૂધનું વજન કરવા, ગુણવત્તા ચકાસવા અને સ્થળ પર જ રસીદ આપવાની સુવિધા પૂરી પાડે છે.

આ ઉપરાંત એનડીડીબી કાફ લિમિટેડ દ્વારા ઉત્પાદિત આ કિટથી દૂધમાં થતી ભેળસેળની ચકાસણી અત્યંત સરળ અને ઓછા ખર્ચે શક્ય બનશે અને બટર કેટેગરીમાં પોતાની પહોંચ મજબૂત કરવા માટે મધર ડેરીનું નવું ચિપલેટ પેકિંગ રજૂ કરાયું છે. જ્યારે એનડીડીબી ખાતે સંસ્થાકીય કામગીરીને વધુ કાર્યક્ષમ અને સુચારુ બનાવવા ઈન્ટીગ્રેટેડ ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ અમલી કરાઈ છે.

### દૂધ ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ

આ કાર્યક્રમમાં પ્રો. એસ. પી. સિંહ બઘેલે જણાવ્યું કે ભારત દૂધ ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ ક્રમે છે અને દેશમાં માથાદીઠ દૂધનો વપરાશ વૈશ્વિક સરેરાશ કરતાં વધુ છે. આ ઉપરાંત ચેરમેન ડો. મીનેશ શાહે જણાવ્યું કે ‘શ્વેત ક્રાંતિ 2.0’ હેઠળ આઈવીએફ, સેક્સ-સોર્ટેડ સીમેન ટેકનોલોજી તેમજ ઘરેલું બાયોગેસ અને બાયો-સીએનજી જેવી હરિત ઊર્જા પહેલ દ્વારા પશુપાલકોની આવકમાં વધારો કરવા તરફ આગળ વધી રહ્યા છીએ.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225